**પંચાયતી રાજ સંસ્થાઓના આવકના સાધનો સંગીન બનાવવા ૧૫ મા નાણાપંચની ભલામણ અનુસારની માર્ગદર્શિકા**

ગુજરાત સરકાર,
પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,
સુધારા ઠરાવ ક્રમાંકઃ એફએફસી-૧૦-૨૦૨૦-૧૪૯૩૫૭-બ સેલ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૨૧/૧૨/૨૦૨૧

વંચાણે લીધોઃ (૧) પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંકઃ એફએફસી-૧૦-૨૦૨૦-૧૪૯૩૫૭-બ સેલ,તા. ૦૯-૦૮-૨૦૨૧
(૨) વિકાસ કમિશ્નરશ્રીની કચેરીનો તા. ૨૫-૧૧-૨૦૨૧ નો પત્ર

સુધારા ઠરાવઃ

પંચાયતી રાજ સંસ્થાઓના આવકના સાધનો સંગીન બનાવવા ૧૫ મા નાણાપંચની ભલામણ અનુસારની માર્ગદર્શિકા વંચાણે લીધેલ ક્રમ (૧) ના તા. ૯-૦૮-૨૦૨૧ના ઠરાવથી બહાર પાડવામાં આવેલ છે. વિકાસ કમિશ્નરશ્રીની કચેરીના વંચાણે લીધા (૨) ના તા. ૨૫-૧૧-૨૦૨૧ના પત્રથી આ ઠરાવના પારા-(૯) ની શરત ૫ માં સુધારો કરવાની દરખાસ્ત કરેલ હતી. જે મુજબ ઠરાવમાં સુધારો કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી પુખ્ત વિચારણાને અંતે ઉક્ત ઠરાવની પારા (૯) ની શરત નં. (૫) નીચે મુજબ વંચાણે લેવાની રહેશે.

"સબંધિત તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતને સબંધિત નાણાંકીય વર્ષ માટે મળેલ યથાપ્રસંગ અનટાઇડ ગ્રાન્ટના ૨૦ ટકાથી વધારે રકમ કોઇ એક પ્રકારના કામ માટે ઉપયોગ કરી શકાશે નહીં. તેમજ તાલુકા માટે ૧.૦૦ લાખથી ઓછી રકમના તેમજ જિલ્લા પંચાયત માટે ૫.૦૦ લાખથી ઓછીની રકમના કામોનો સમાવેશ કરવાનો રહેશે નહી"

ઠરાવની અન્ય શરતો યથાવત રહેશે.

આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર સરકારશ્રીની તા. ૧૭-૧૨-૨૦૨૧ની નોંધથી મળેલ મંજુરી અન્વયે આ સુધારા ઠરાવ બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજયના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

(નરેન્દ્ર વાઘેલા)
નાયબ સચિવ
પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને
ગ્રામ વિકાસ વિભાગ.

પ્રતિ,

- રાજયપાલશ્રીના અંગત સચિવશ્રી,રાજભવન,ગાંધીનગર
- માન.મુખ્યમંત્રીના અંગત સચિવશ્રી,ગાંધીનગર

- માન.વિધાનસભાના અધ્યક્ષશ્રી/ઉપાધ્યક્ષાશ્રીના અંગત સચિવશ્રી
- તમામ મંત્રીશ્રીઓ/રા.ક. મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી,
- માન.રાજ્યકક્ષાના મંત્રીશ્રી(પંચાયત)ના અંગત સચિવશ્રી,
- માન.વિરોધ પક્ષનાં નેતાશ્રીના અંગત સચિવશ્રી
- મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર
- ગુજરાત રાજ્યના સર્વે સંસદસભ્યશ્રીઓ
- ગુજરાત રાજ્યના સર્વે ધારાસભ્યશ્રીઓ
- એકાઉન્ટ જનરલશ્રી,અમદાવાદ,રાજકોટ
- સચિવાલયના સર્વે વિભાગો
- વિકાસ કમિશ્નરશ્રી,ગુજરાત રાજ્ય,ગાંધીનગર
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ, (વિકાસ કમિશ્નરશ્રીની કચેરી મારફતે)
- પગાર અને હિસાબી અધિકારીશ્રી,ગાંધીનગર
- નિવાસી તપાસણી અધિકારી,ગાંધીનગર
- સર્વે જિલ્લા સહાયક નિરિક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ (વિકાસ કમિશ્નરશ્રીની કચેરી મારફતે)
- નાણાકિય સલાહકારશ્રી(પંચાયત) પંચાયત ગ્રામગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,સચિવાલય,ગાંધીનગર
- સીસ્ટમ મેનેજરશ્રી, પંચાયત ગ્રામગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,સચિવાલય,ગાંધીનગર તરફ જાણ તથા પ્રસ્તુત ઠરાવ પંચાયત વિભાગની વેબસાઈટ પર મુકવા યોગ્ય કાર્યવાહી અર્થે
- શાખા સિલેકટ ફાઈલ